
# Kids કોર્નર

**Hello Kids.**

You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશિઅલી તમારા માટે છે. If you have your poem, your story, or a game for print. અથવા તમે કાંઈ એવી સિધ્ધી મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત with photograph and bio data અહીં મોકલી આપો. આ ખૂણો બીલકુલ તમારો છે. બીજા Kids ને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail એડ્રેસ પર સેંડ (send) કરો.

email- kidscorner@gujaratmitra.in

## રોબોટ 'ચીકુ' અને ભાવનાઓનો સ્પર્શ







એક સમય હતો જ્યારે આનંદપુર ગામમાં આધુનિક ટેકનોલોજીનો પવન પહેલીવાર ફૂંકાયો. ગામની નાની વિજ્ઞાન પ્રયોગશાળામાં વૈજ્ઞાનિક આરવે એક ખાસ રોબોટ બનાવ્યો, જેનું નામ રાખ્યું 'ચીકુ'.

ચીકુ માત્ર લોખંડ, વાયર અને પ્રોગ્રામિંગનો બનેલો એક ધાતુનો ગોળો નહોતો. તે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) પર કામ કરતો એક અદ્યતન રોબોટ હતો. ચીકુ ગણતરીની ક્ષણોમાં જટિલ ગણિત ઉકેલી શકતો, ઘરકામમાં મદદ કરી શકતો અને કોઈપણ સવાલનો તુરંત જવાબ આપી શકતો. ગામના બાળકો માટે ચીકુ એક અજૂબો હતો.

પરંતુ ચીકુમાં એક વસ્તુની કમી હતી – ભાવનાઓ.

બાળકો જ્યારે રમતા રમતા હસતા, ત્યારે ચીકુ તેમના હાસ્યનો અર્થ સમજી શકતો પણ અનુભવી શકતો નહીં. કોઈ ઉદાસ હોય, ત્યારે તેની પાસે સહાનુભૂતિના શબ્દો તો હતા, પણ એ શબ્દોમાં સંવેદનાનો ધબકાર નહોતો.

એક દિવસ, ગામમાં રહેતા નાના આદિત્યનો પાલતુ કૂતરો 'ટોમી' ખોવાઈ ગયો. આદિત્ય ખૂબ રડતો હતો. તેણે ચીકુ પાસે જઈને કહ્યું, "ચીકુ, તું તો બહુ હોંશિયાર છે ને? પ્લીઝ, મારા ટોમીને શોધી દે!"

ચીકુએ તેના સેન્સર અને GPS સિસ્ટમનો ઉપયોગ કરીને સમગ્ર ગામનો ડેટા સ્કેન કર્યો. થોડી જ વારમાં તેણે જંગલ નજીકના એક જૂના ખાડામાંથી ટોમીની લોકેશન ટ્રેક કરી લીધી. આરવ અને આદિત્ય ચીકુ સાથે ત્યાં પહોંચ્યા. ટોમી ખાડામાં ફસાયેલો હતો અને સામાન્ય ઈજા થઈ હતી. આરવે ટોમીને બહાર કાઢ્યો અને આદિત્યના ખોળામાં મૂક્યો. આદિત્યના આંખમાંથી ખુશીના આંસુ વહી રહ્યા હતા. તેણે ટોમીને વહાલથી ભેટી લીધો.

ચીકુએ આ દ્રશ્ય જોયું. તેના પ્રોગ્રામિંગમાં આ ક્ષણ કંઈક અલગ હતી. ચીકુએ આરવને પૂછ્યું, "માસ્ટર આરવ, આદિત્ય રડી રહ્યો છે છતાં તેના ચહેરા પર સ્માઈલ કેમ છે? આ સિસ્ટમ એરર છે?"

આરવે હસીને ચીકુના ખભા પર હાથ મૂક્યો અને કહ્યું, "ચીકુ, આ સિસ્ટમ એરર નથી, આને 'ભાવનાઓનો સ્પર્શ' કહેવાય. જ્યારે પ્રેમ અને ખુશી હૃદયમાં સમાઈ શકતા નથી, ત્યારે તે આંસુ બનીને બહાર વહે છે. આ માનવતા છે, જે માત્ર લોજિક કે કોડિંગથી નથી સમજાતી."

ચીકુએ પોતાના પ્રોસેસરમાં આ વાત સ્ટોર કરી. તેણે આદિત્ય તરફ જોયું અને પોતાના યાંત્રિક અવાજમાં કહ્યું, "આદિત્ય, તારી ખુશી જોઈને મારા પ્રોસેસરમાં પણ એક વિચિત્ર ગરમાવો અનુભવાય છે. શું આને જ ખુશી કહેવાય?"

આદિત્યએ દોડીને ચીકુના ધાતુના હાથને ભેટી લીધો. એ દિવસે ચીકુ નામના રોબોટે સમજ્યું કે ટેકનોલોજી ગમે તેટલી આગળ વધી જાય, પણ જો તેમાં માનવતા, કરુણા અને ભાવનાઓનો સ્પર્શ ના હોય, તો તે અધૂરી છે. ટેકનોલોજીનું સાચું મૂલ્ય માનવજીવનમાં પ્રેમ અને રાહત લાવવામાં જ છે.

**વાર્તાનો બોધ**

ટેકનોલોજી ગમે તેટલી શક્તિશાળી હોય, તે માનવીય સંવેદનાઓ અને પ્રેમનો વિકલ્પ ક્યારેય બની શકતી નથી.

વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ જ્યારે માનવતાના કલ્યાણ માટે થાય છે, ત્યારે જ સાચા અર્થમાં પ્રગતિ થાય છે.

> **ચીકુ માત્ર લોખંડ, વાયર અને પ્રોગ્રામિંગનો બનેલો એક ધાતુનો ગોળો નહોતો. તે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) પર કામ કરતો એક અદ્યતન રોબોટ હતો. ચીકુ ગણતરીની ક્ષણોમાં જટિલ ગણિત ઉકેલી શકતો, ઘરકામમાં મદદ કરી શકતો અને કોઈપણ સવાલનો તુરંત જવાબ આપી શકતો. ગામના બાળકો માટે ચીકુ એક અજૂબો હતો**

## બે વર્ષમાં નવ વર્લ્ડ રેકોર્ડ ડો. દિનેશ ગુપ્તાજીના નામે...




માણસને જાત જાતના નશા હોય એવો એક નશો વર્લ્ડ રેકોર્ડ બનાવવાનો પણ મુંબઈ (કલ્યાણ)ના ડો. દિનેશ ગુપ્તાને ચઢ્યો હોય તેવી આ અજબ-ગજબની વાત છે. ગિનીઝ વર્લ્ડ રેકોર્ડમાં બે વર્ષમાં નવ જેટલા વર્લ્ડ રેકોર્ડ નોંધાવનાર પ્રોફેસર અને ડોક્ટરેટ ડિગ્રી પ્રાપ્ત કરનાર દિનેશ ગુપ્તા જણાવે છે કે વર્લ્ડ રેકોર્ડ બનાવવા માટે ધૈર્ય, અભ્યાસ, મજબૂત માનસિકતા અને કંઈક કરી બતાવવાનું ચોક્કસ લક્ષ્ય જરૂરી હોય છે. ઘણીબધી અસફળતા પછી સ્વયંને પહેલા કરતા વધુ બહેતર બનાવવાનું ઝનૂન વર્લ્ડ રેકોર્ડની સિદ્ધિ પ્રાપ્ત કરાવે છે. 'આનંદશ્રી'ના ઉપનામથી ઓળખાતા દિનેશ ગુપ્તાજીએ એક મિનિટમાં સૌથી વધુ લેનયાર્ડ એસેમ્બલ કરવાનો રેકોર્ડ કર્યો છે, તો એક કલાકમાં ટી-શર્ટ પર વધુમાં વધુ લોકોના હસ્તાક્ષર પ્રાપ્ત કરવાનો રેકોર્ડ બનાવ્યો છે. એક સાથે વધુમાં વધુ લેનયાર્ડ ગળામાં પહેરવાનો, એક મિનિટમાં ટપાલ ટિકિટ ઝડપથી ચિપકાવવાનો, ત્રણ મિનિટમાં સૌથી લાંબી પેપરમાંથી ચેઇન બનાવવી કે એક મિનિટમાં પેંડન્ટની પર હેન્ડપ્રિન્ટ કરવા જેવા કુલ નવ વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યા છે. ગિનીઝ વર્લ્ડ રેકોર્ડ ઉપરાંત લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં પણ એમના અનેક રેકોર્ડ નોંધાયા છે; જેમાં 9X9 MM માં શિવાજી મહારાજનું નાનું પોટ્રેટ બનાવવું, સતત ૨૪ કલાક પેન્સિલ સ્કેચ કરવા, સતત બાર કલાક ઓરોગામી પેપરની નાવ બનાવવી, સતત બાર કલાક કવિતા લેખન કરવું અને સતત ગણેશજીના ચિત્રો બનાવતા રહેવા ઉપરાંત દસ પેન્સિલને તેના બોટમ પર ઊભી રાખવી જેવા અનેક રેકોર્ડ બનાવ્યા છે. ટૂંક સમયમાં સૌથી વધુ રેકોર્ડ બનાવવાનો રેકોર્ડ પણ ડો. દિનેશ ગુપ્તાના નામે જ નોંધાય તો નવાઈ નહિ...




PROF DR DINESH GUPTA

## બર્થ ડે



નામ : રેયાન સોલંકી
માતા : કરિશ્મા સોલંકી



નામ : પ્રિસા પરીખ
માતા : શ્વેતા પરીખ

## રસ્તો શોધો




## તફાવત શોધો






## ટપકાં જોડો




## શબ્દો પૂરો



## PUZZLE ZONE

ડો. ચંદ્રેશ જરદોશ

### SIGN GAME (Q 1)

ખાલી જગ્યામાં આ સાથે જણાવેલ કોઈપણ સંજ્ઞા (+, - , ×, ÷) નો ઉપયોગ કરી સમીકરણ સાચું બનાવો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 1 | | 2 | | 3 | | 4 | = | 01 |
| 2) | 1 | | 2 | | 3 | | 4 | = | 10 |
| 3) | 1 | | 2 | | 3 | | 4 | = | 24 |

### CHANGE THE WORD (Q 2)

આપેલા શબ્દોમાંથી દર વખતે એક અક્ષર બદલી નવો શબ્દ બનાવી છેલ્લો શબ્દ બનાવો.

| | | |
|---|---|---|
| C | A | N |
| | | |
| | | |
| T | E | A |

### CHHOTA SUDOKU (Q 3)

આપેલા (9) ચોરસના સમૂહમાં 1 થી 9 ના અંકો એવી રીતે મૂકો કે દરેક વર્તુળની આજુબાજુના 4 ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલા અંક જેટલો જ થાય. દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વખત કરવાનો છે કેટલાક અંકો ચોરસમાં આપેલા જ છે.

| | | |
|---|---|---|
| 5 | | |
| | 4 | |
| | | 7 |

વર્તુળ: 24, 21, 16, 21

### BROKEN WORDS (Q 4)

નીચે આપેલા તૂટેલા શબ્દોને આપેલ ચાવીઓની મદદથી જોડીને સુરત શહેરના 7 વિસ્તારોનાં નામ બનાવો. દા.ત. BH ES TAN=BHESTAN

| | | | | |
|---|---|---|---|---|
| OD | BH | AT | URA | PI |
| PU | | AG | CH | ER |
| ND | NA | AT | PI | ATE |
| AR | | RA | | RA |
| OWK | PL | HW | GO | NP |

| ચાવી | શબ્દો |
|---|---|
| 5 અક્ષર | 1 |
| 6 અક્ષર | 3 |
| 7 અક્ષર | 1 |
| 8 અક્ષર | 1 |
| 9 અક્ષર | 1 |

**જવાબ**

1. CHOWK
2. BHATAR
3. PIPLOD
4. RANDER
5. NANPURA
6. GOPIPURA
7. ATHWA GATE

### જવાબો

Q 1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 1 | × | 2 | + | 3 | - | 4 | = | 01 |
| 2) | 1 | + | 2 | + | 3 | + | 4 | = | 10 |
| 3) | 1 | + | 2 | + | 3 | × | 4 | = | 24 |

Q 2

| | | |
|---|---|---|
| C | A | N |
| T | A | N |
| T | E | N |
| T | E | A |

Q 3

| | | |
|---|---|---|
| 5 | 6 | 3 |
| 9 | 4 | 8 |
| 1 | 2 | 7 |

વર્તુળ: 24, 21, 16, 21